મસાલામાં સોંઘવારીથી ગૃહિણીઓને રાહત

મરચાં, ધાણાંજીરૂ સહિતના મસાલાઓ આ વર્ષે ૧૫ થી ૨૦ ટકા જેટલા સસ્તા : માત્ર રાઈ થોડીક મોંઘી થઈ

ગાંધીનગર, તા. ૩૧

ઉનાળાના પ્રારંભ સાથે જ વર્ષભરની ઘરની ખાદ્યસામગ્રી ભરવાની મોસમ પણ પૂરબહારમાં ખીલી જતી હોય છે. ઉનાળાના આકરા દિવસોનો પ્રારંભ થતા જ હળદર, મરચું, ધાણા-જીરૂ, સહિતની સિઝનનો પ્રારંભ થઈ ચુક્યો છે. જો કે આ વર્ષે મસાલાના ભાવોમાં ૧૫ થી ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધાતા ગૃહિણીઓ થોડીક રાહત અનુભવી રહી છે.

ગાંધીનગરના ગ-૧, ખ-૭, ઘ-૦ સર્કલ જેવા વિસ્તારોમાં સિઝનની શરૂઆત સાથે જ મસાલા ભંડારનો પ્રારંભ થઈ ચુક્યો છે. અહીંથી પસાર થાઓ તો મસાલાની તીખી તમતમતી સોડમ આવવા લાગે છે. આ વર્ષે ગત વર્ષ કરતા સરેરાશ તમામ મસાલાઓમાં ભાવો ઘડ્યા છે. ભાવ ઘટવાની અસર ઘરાકી પર પણ થઈ રહી છે. ગૃહિણીઓ મન ભરીને જાતભાતના મસાલા ખરીદી રહી છે. આ વર્ષે મરચાનો એક કિલોનો ભાવ ૧૦૦ થી ૧૫૦ની વચ્ચેનો છે. જે ગત વર્ષે રૂ. ૧૨૦ થી રૂ. ૧૮૦ વચ્ચેનો હતો. આ વર્ષે પાક સારો થવાના કારણે આવક વધતા ભાવમાં ઘટાડો થયો છે. મુખ્યત્વે મરચાંની આવક અમદાવાદ અને સૌરાષ્ટ્રમાંથી થતી હોય છે. આ વર્ષે ચોમાસુ સારૂ રહેતા પાક વધુ થયું છે. અને ભાવો ઘટ્યા છે. મરચાંની જેમ જ ધાણાના ભાવો પણ ઘટ્યા છે. આ વર્ષે રૂ. ૮૦ થી ૧૦૦ની વચ્ચે ધાણાનો ભાવ છે. જ્યારે ગયા વર્ષે તેનો ભાવ રૂ. ૧૧૦ થી ૧૪૦ની વચ્ચે હતો. ભાવ ઘટાડાની અસર જીરા પર પણ થઈ છે. ગયા વર્ષે રૂ. ૧૮૦ થી ૨૦૦ના ભાવે જીરૂ મળી રહ્યું હતું. તેનો ભાવ આ વર્ષે ૧૬૦ થી ૧૮૦ની વચ્ચે છે. ગયા વર્ષે ૨૦૦ રૂ.ના ભાવે મળતી હળદર રૂ. ૧૦૦ થી ૧૨૦ની વચ્ચે મળી રહી છે. આ ભાવ તો

● અનુસંધાન પાન-૭ પર

મસાલા દળાવવાનો ટ્રેન્ડ હજુ યથાવત

ગાંધીનગર, તા. ૩૧

તૈયાર દળેલા કે પેકીંગમાં મળતા મસાલાઓનો જમાનો આવ્યો છે. પરંતુ હજુ એવી ઘણી ગૃહિણીઓ છે જેઓ વર્ષભરના મસાલા જાતે જ દળાવવાનો આગ્રહ રાખે છે. મસાલાની સીઝનમાં ઘંટીઓ પર ઘણી ભીડ રહે છે.

આધુનિક યુગ અને ઝડપી જીવનશૈલીના કારણે ઓછા સમયગાળામાં કામ પતે તેવો માર્ગ સૌ અપનાવવાનું પસંદ કરે છે. જેમાં આજની ગૃહિણીઓ પણ બાકાત નથી. ફાસ્ટ કુકીંગથી માંડીને તૈયાર મસાલા લેવાનો પણ એક વર્ગ ધીમે ધીમે વિકાસ પામી રહ્યો છે. ઘણી કંપનીઓ દ્વારા તૈયાર મરચું, ધાણાજરૂ, હળદર બજારમાં આસાનીથી ઉપલબ્ધ છે. પરંતુ હજુ પણ પરંપરાગત રીતે વર્ષભરના મસાલા દળાવવાનો ટ્રેન્ડ ચાલુ છે. ગુણવત્તા જળવાય અને સાથે જ ખર્ચ પણ ઓછો થાય તે હેતુથી ગૃહિણીઓ બજારમાં જઈ આખા મસાલા પસંદ કરે છે અને તેને જાતે સાફ કરી દળાવે છે. તેની સામે નાનુ કુટુંબ ધરાવતી નોકરીયાત મહિલાઓ આ બધી કડાકૂટથી દૂર રહી તૈયાર મસાલા ખરીદી લે છે.

ગુજરાતમાં પેટ્રોલની કિંમતમાં એકાએક રૂપિયા ૧૫નો ઘટાડો

તાત્કાલિક મોડી રાત્રે કેબિનેટની બેઠકમાં નિર્ણય : ભાવ ઘટાડવાની કોઈ હિલચાલ નહીં હોવા છતાં એકાએક નિર્ણય : મોંઘવારીમાં પ્રજાને રાહત આપવા મુખ્ય ઉદ્દેશ

ગાંધીનગર, ૧ એપ્રીલ

ગોવામાં થોડાક દિવસ પહેલા પેટ્રોલના ભાવમાં લીટર દીઠ રૂપિયા ૧૧નો ઘટાડો કરવામા આવ્યા બાદ આને ધ્યાનામાં લઈને ગુજરાત સરકારે પણ રાજયમાં પેટ્રોલના ભાવમાં લીટરદીઠ રૂપિયા ૧૫નો ઘટાડો કરીને સામાન્ય પ્રજાને મોંઘવારીમાં મોટી રાહત આપી દીધી છે. તાકીદે બોલવવામાં આવેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામા આવ્યો હતો. રાજયમાં વિધાનસભાની ચૂટણી પણ નજીક હોવાથી આ પાસાને પણ ધ્યાનામા લેવામાં આવ્યો છે.

વિશ્વસનીય સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજયમાં ભાજપ સરકારે વિધાનસભાની આગામી ચૂંટણી માટેની તૈયારી કરી લીધી છે. મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસના ભાગરૂપે તથા તીવ્ર મોંઘવારીમાં લોકોને રાહત આપવાના હેતુસર એકાએક પેટ્રોલની કિંમતમાં ૧૫ રૂપિયાનો ઘટાડો રાજય સરકારે કરી દીધો છે. પેટ્રોલના ભાવમાં ઘટાડો કરવા હાલ કોઈ વિચારણા પણ ન હતી. પરંતુ એકાએક આ નિર્ણય કરાયો છે. ભાજપ વિધાનસભાની

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગર શહેર-જિલ્લામાં રામનવમી ધામધૂમથી ઉજવશે

સહજાનંદ જયંતિ નિમિત્તે સ્વામીનારાયણ મંદિરોમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર અનેજિલ્લામાં આવતીકાલે રામનવમી ધામધૂમથી ઉજવાશે ભગવાન શ્રી રામચંદ્રના જન્મોત્સવ નિમિત્તે ગાંધીનગર શહેરના વિવિધ મંદિરોમાં કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પંચદેવ મંદિર, રામેશ્વર મંદિર, હનુમાનજી મંદિર સહિત વિવિધ મંદિરોમાં બપોરે ૧૨ વાગે રામલલ્લાના દર્શન યોજાશે.

વહેલી સવારથી ભજન, ધૂન અને રામાયણના પાઠના કાર્યક્રમો યોજાયા છે. ટીંટોડાના રામજીમંદિર, પેથાપુર રામજી મંદિર, વાવોલના રામધામ શહિત જુદા જુદા મંદિરોમાં રામનવમી નિમિત્તે સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

ગાંધીનગર શહેરમાં ચૈત્રી નવરાત્રીના અંતિમ દિન નિમિત્તે આઠથી દસ સ્થળોએ આનંદના ગરબાનો કાર્યક્રમ પણ યોજાયો છે. મોટી સંખ્યામાં સેકટરની મહિલાઓ એકત્ર થઈ માતાજીના ગુણગાન ગાય છે તો સાંજે અને મોડી રાત્રે સુંદરકાંડના પાઠ પણ અનેક સ્થળોએ યોજાયા છે. પંચદેવ મંદિર, સોમનાથ મંદિર (બ્રહ્મભવન) સહિત વિવિધ સ્થાનો પર સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરાયું છે.

રામનવમીની સાથો સાથ આવતીકાલે સહજાનંદ જયંતિ નિમિત્તે અક્ષરધામમાં ઉજવણી કરાશે. સેકટર-૨ ઉના અને સેકટર-૨ના સ્વામીનારાયણ મંદિરે સહજાનંદ જયંતિ નિમિત્તે સત્સંગના કાર્યક્રમો યોજાયા છે.

જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે હીના પટેલ

શહેર પ્રમુખ તરીકે પ્રેમબા હાડાની નિમણુંક

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસના નવા હોદ્દેદારોની આજે પ્રદેશ સમિતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલની તથા શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી પ્રેમબા કાળુસિંહ હાડાની નિમણુંક કરવામાં આવી છે.

આ બંને હોદ્દેદારો દ્વારા હવે જિલ્લા અને શહેર એકમની રચનાની

કામગીરી ટૂંકમાં હાથ ધરાશે. આ બંને હોદ્દેદારોની નિમણુંકને રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતિ અનિતા વર્માએ બહાલી આપતાં આજે આ અંગેની વિધિવત જાહેરાત કરવામાં આવી છે.

જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિયુકત થયેલા શ્રીમતી હીનાબેન પટેલ હાલ જિલ્લા પંચાયતના સદસ્ય છે. આ ઉપરાંત તેઓ પ્રદેશ કક્ષાએ પણ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ સંભાળી ચુકયા છે. શ્રીમતી હીનાબેન પટેલે મહિલા સુરક્ષા બોર્ડના અધ્યક્ષા ઉપરાંત ઓલ ઈન્ડિયા હેન્ડીક્રાફટ બોર્ડના ડિરેકટર તરીકે પણ નોંધનીય સેવાઓ આપી છે. હાલ તેઓ ઉત્તર દસક્રોઈ કડવા પાટીદાર સમાજના મહિલા પાંખના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી રહેલ છે. તેઓએ ઉમા-ઉદય કેડીટ સોસાયટીના વાઈસ ચેરમેન તરીકે પણ સેવાઓ આપી હોવા ઉપરાંત જેસીઝ,

● અનુસંધાન પાન-૭ પર

સેલ્ફનો ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

સોનાના દાગીના ખરીદી વેપારીને ચેક આપ્યો હતો

ગાંધીનગર, તા.૩૧

સોનાના દાગીનાની ખરીદી બદલ વેપારીને આપેલ સેલ્ફનો ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૩ ડીમાં પ્લોટ નં. ૧૧૮૨ ખાતે રહેતા નયનભાઈ જે. ધારાણી ઘ-દોઢ પાસે જવેલર્સની દુકાન ધરાવે છે. તા. ૫ ઓકટોબર વર્ષ ૨૦૦૬ દરમિયાન સે-૨૨માં ૭૮/૪ 'જ' ટાઈપ ખાતે રહેતા બચુભાઈ દવે નયનભાઈની દુકાનમાંથી રૂ. ૭૫ હજારના દાગીનાની ખરીદી કરી હતી. જયારે દાગીના ખરીદીને તેમણે જવેલર્સને રૂ. ૭૫ હજારનો દેના બેંકનો સેલ્ફનો ચેક આપ્યો હતો. આ ચેક તેમણે બેંકમાં જમા કરાવ્યો હતો પરંતુ આરોપીએ સ્ટોપ પેમેન્ટ કરાવતા ચેક બેંકમાંથી પરત થયો હતો. જેથી વેપારીએ લેણી રકમ પરત મેળવવા આરોપીને તારીખ આપી હતી. પરંતુ નોટીસનો જવાબ મળ્યા પછી પણ રકમ ચુકવી ન હતી. જેના પરિણામે આરોપી વિરુધ્ધ ગાંધીનગર કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૩૮ મુજબ વકીલ મારફતે

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

સ્થળ : ૩૦૯-૨, કિસાનનગર, સેક્ટર-૨૩, ગાંધીનગર
મો. ૯૯૨૪૦ ૬૬૬૭૧, ૯૮૭૬૫ ૧૨૬૫૩

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર નં. ૧૦-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦
ટેલીફોન : વહીવટ વિભાગ : ૨૩૨૫૬૭૧૭
● ફેક્સ નંબર : ૨૩૨૫૬૭૧૮ Gram : SEEDS

કુરીયર મારફત નિગમની ટપાલો મોકલવાની કામગીરી

આ નિગમને સ્થાનિક કક્ષાએ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં તેમજ રાજ્યની બહારના સ્થળોએ આંગડીયા / કુરીયર મારફત ટપાલો મોકલવાની થતી હોઈ આવા પ્રકારની કામગીરી કરતી તથા ઈન્કમટેક્ષ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી નિગમ દ્વારા નક્કી કરેલ શરતો સાથેના આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૧૦૦/- ભરી (પરત નહીં મળવાપાત્ર) તા. ૧૨-૪-૧૨ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૧૨-૪-૧૨ના સાંજના ૧૬-૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે.
મેનેજીંગ ડીરેક્ટર

ધર્મપ્રેમી જનતાને હાર્દિક
શ્રીમદ્ ભાગવત કથા
વક્તા શ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદી સમજણભર્યા સંવાદો કરશે
તા. ૭ એપ્રિલથી ૧૪ એપ્રિલ, ૨૦૧૨ : સવારે ૮.૩૦થી ૧૧.૩૦ સાંજે ૩.૩૦થી ૬.૩૦
કોઈપણ ખર્ચ વિના આપના સ્વગ્રસ્થ સ્વજનોના ફોટા કથા મંડપમાં મુકી આપ સહકુટુંબ કથાશ્રવણ કરશો અને સદ્ગતોનો સાચી શ્રધ્ધાંજલી અર્પશો તેવી આશા સહ નિમંત્રણ
કોમન પ્લોટ નં. ૮૧૬/૧, સેક્ટર-૫ સી, ગાંધીનગર
ફોન : ૨૩૨૩૬૬૩૯, મો. ૯૪૨૭૩ ૧૦૮૬૬

ગાંધીનગરમાં સુવર્ણકારોએ એક્ઝાઈઝ ડ્યુટીના વિરોધમાં ધરણા કર્યા

ગાંધીનગર, તા. ૩૧

એકસાઈઝ ડ્યુટી સહિતના વિવિધ વેરાના વિરોધમાં

સુવર્ણકારોએ સજજડ બંધ પાળી આકોશ વ્યકત કર્યો છે. જયારે જિલ્લા જવેલર્સ એસોસિએશન દ્વારા આજે ધરણાના કાર્યક્રમ અન્વયે કેન્ડલ પ્રગટાવી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ વેળાએ મોટી સંખ્યામાં સુવર્ણકારો ઉપસ્થિત રહ્યા હતા.

સોના પર વિવિધ પ્રકારના વેરા લાદવાની કેન્દ્ર સરકારની નીતિ સામે જવેલર્સ આલમમાં ઉગ્ર રોષ ભભૂક્યો છે. છેલ્લા બે સપ્તાહથી પણ વધુ સમયથી બંધ પાળતા સુવર્ણકારોને સરકાર કક્ષાએથી પણ કોઈ પ્રતિસાદ ન મળતા પ્રચંડ વિરોધ ઉઠવા પામ્યો છે. ગાંધીનગર જિલ્લા જવેલર્સ એસોસિએશન દ્વારા પણ આ મામલે ધરણાંનો કાર્યક્રમ આરંભી દેવાયો છે. એકસાઈઝ ડ્યુટી અને ટી.ડી.એસ. સંદર્ભે માંગણી ન સ્વીકારાય ત્યાં સુધી અસોક્કસ મુદતના ધરણાના માધ્યમથી લડત આરંભી દેવાઈ છે. આજે ધરણાના કાર્યક્રમ અન્વયે ગાંધીનગર ખાતે અંતર્ગત થયેલા સુવર્ણકારોએ જણાવ્યું હતું કે બંધના એલાન દરમિયાન વેપારીઓને કરોડોનું નુકશાન થયું છે. આજે સાંજે કેન્ડલ પ્રગટાવીને સુવર્ણકારોએ અનોખો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ તબક્કે એસોશિએશનના ઉપ પ્રમુખ મેહુલ મહેતાએ આક્રોશ વ્યકત કરતા જણાવ્યું હતું કે સરકાર દ્વારા માંગણી નહીં સ્વીકારાય ત્યાં સુધી લડત ચાલુ રહેશે.

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

વિઝા માટે મળો
અમેરીકા રીટર્ન ૫૫ વર્ષના અનુભવી પ્રતિષ્ઠિત સાહેબ દ્વારા અમેરીકા વિઝીટર વિઝા કે સ્ટુડન્ટ વિઝા મેળવવા મળો.
૩૧૬, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર
સમય : બપોરે ૩.૦૦ થી ૭.૦૦ (રવિવારે રજા રહેશે)

મહિલાને વાતોમાં ઉલ્જાવી દાગીના લઈ ગઠીયાઓ ફરાર

અડાલજ માર્ગ પર રીક્ષામાં બેઠેલી મહિલાની નજર ચુકવી રીક્ષાચાલક સહિત બે એ ૪૮ હજારનો ચુનો લગાવ્યો

ગાંધીનગર, તા. ૩૧

અડાલજ માર્ગ પર રીક્ષાચાલક સહિત ત્રણે ભેગા મળી મહિલા પેસેન્જરના થેલામાંથી દાગીના ભરેલો સ્ટીલનો ડબ્બો સેરવી લીધો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહેસાણા જિલ્લાના માખણા ગામમાં રહેતા કનુભાઈ ગફરભાઈ દેસાઈના પત્ની ગીતાબેન ગત તા. ૨૬ માર્ચના રોજ ત્રિમંદિરથી વેજલપુર તરફ જવા માટે રીક્ષામાં બેઠા હતા. જ્યારે આ વેળાએ રીક્ષામાં રીક્ષાચાલક ઉપરાંત ૨૦ વર્ષીય અજાણી યુવતિ તેમજ અન્ય એક યુવાન પણ રીક્ષામાં બેઠા હતા. ત્રિમંદિરથી નીકળેલી રીક્ષા અડાલજ માર્ગ પર હોટલ મહારાજા પાસે પહોંચતા રીક્ષાચાલકે સાબરમતી જવાનું કહી પેસેન્જર મહિલા સાથે તકરાર શરૂ કરી હતી. આ દરમિયાન મહિલાનું ધ્યાન વાતોમાં ઉલ્જાવી તેની પાસેના ચેનવાળા થેલામાંથી દાગીના ભરેલો સ્ટીલનો ડબ્બો સેરવી લીધો હતો. સ્ટીલના ડબ્બામાં રૂ. ૪૮ હજારની કિંમતના સોના-ચાંદીના દાગીના લઈ ત્રણેય ઈસમો મહિલાને ચુનો લગાવી ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે મહિલાના પતિ કનુભાઈ દેસાઈએ અડાલજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ. વજેસિંહે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

SANCHI CEMENT | KisaN | vaRaNa500 | SANCHI STEEL - ISI | BENELAVE | H.FIXIT | TMT BARS - ISI | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વોલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ Build the trust Since 1983 કૈલાસ ટ્રેડર્સ Steel Tiger (લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૭૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૯૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 માસિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com